**કાર્યપાલક ઈજનેર**
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
આદર્શભવનની બાજુમાં, અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા

ફોન નંબર : ૨૬૬૩૦૪૯–૫૦
૨૬૬૭૯૨૬
મ્યુનિસિપલ ઝોન ઓફિસ, સુરત.

# ભાવપત્રક

નં.સા.વે.ઝોન (અઠવા)/આ.૮૭૪૦
તારીખ : ૨૦/૦૨/૨૦૨૬

પ્રતિ,
....................................
....................................
....................................

વિષય :– સાઉથ–વેસ્ટ.(અઠવા) ઝોનના વિસ્તારમાં આવેલ પંડિત દિનદયાળ ઈન્ડોર સ્ટેડિયમમાં સ્ટેડિયમ ખુરશી (VIP ખુરશી, ડનલોપ ખુરશી, V1 To V6) ખુરશીઓનાં સમારકામની કામગીરી કરવા બાબત.

મહાશય,

ઉપરોકત વિષયે જણાવવાનું કે, સા.વે.(અઠવા) ઝોનના વિસ્તારમાં આવેલ પંડિત દિનદયાળ ઈન્ડોર સ્ટેડિયમમાં સ્ટેડિયમ ખુરશી (VIP ખુરશી,ડનલોપ ખુરશી, V1 To V6) ખુરશીઓનાં સમારકામના કામનું ભાવપત્રક બંધ કવરમાં ઈ.એમ.ડી. રૂા.૫,૦૦૦/– (ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર) સહિત નીચે જણાવ્યા મુજબના ફોર્મેટમાં ભરી અત્રેની કચેરીમાં તા. ૨૭/૦૨/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ કલાક સુધીમાં નીચે સહી કરનારને મળે એ રીતે મોકલવાના રહેશે.

| અ. નં. | વિગત | અંદાજીત ખુરશીનો જથ્થો (નંગ) | ભાવ (પ્રતિ નંગ ખુરશી) (G.S.T. સિવાય) (રૂા. પૈ.) |
|---|---|---|---|
| ૧. | સા.વે.(અઠવા) ઝોનના વિસ્તારમાં પંડિત દિનદયાળ ઈન્ડોર સ્ટેડિયમ માં આવેલ સ્ટેડીયમ ખુરશી (ડનલોપ ખુરશી) ખુરશીઓનાં સમારકામની કામગીરી જરૂરી હાર્ડવેર લેબર વિગેરે તમામ સામગ્રી સહિતનું કામ. | ૮૦૦ | |

સદર કામગીરી બાબતે નીચે જણાવેલ મુદ્દાઓ ખાસ ધ્યાને લેવાના રહેશે.

(૧) **ભાવ પત્રકમાં ભરેલ ભાવો રાજ્ય/કેન્દ્ર સરકારનાં પ્રવર્તમાન તમામ ટેક્ષ સહિત ભરવાના રહેશે. (ફકત G.S.T. નું ચુકવણું અલગથી કરવામાં આવશે.)** તે માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર નથી.
(૨) ભરેલ ભાવ પત્રકો કોઈપણ સંજોગોમાં પરત લઈ શકાશે નહિ અને શરતી ભાવ પત્રક સ્વીકારમાં આવશે નહિ.
(૩) ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડરના પાછળના ભાગે **જી.એસ.ટી. નંબર અને પાર્ટીકોડ** અવશ્ય લખવાનો રહેશે.
(૪) ઈજારદાર ધ્વારા જી.એસ.ટી. નંબર અવશ્ય લેવાનો રહેશે. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે અને તેની વિગત અત્રે આપવાની રહેશે. તથા સરકારશ્રી તરફથી જી.એસ.ટી. નો નિયમ લાગુ પડેલ છે, તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે
(૫) આ કામ શરૂ કરવા માટે કામની લાઈન, માર્ગદર્શન, સલાહસુચન મેળવવા અત્રેના ખાતાના સંબંધિત ડે. ટાઉન પ્લાનરશ્રી,/ આસી. ઈજનેરશ્રી/સુપરવાઈઝરશ્રીનો સંપર્ક સાધવા નોંધ લેવી.
(૬) આ કામ પુરું કરવાની સમય–મર્યાદા સદર વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦ (દસ) બાદ ૦૩(ત્રણ) માસની રહેશે. જો તેમ કરવામાં ઈજારદાર કસુર કરશે તો ઓફર રકમના ૦.૨% લેખે પ્રતિદિન પેનલ્ટી (મહત્તમ ૧૦.૦૦%) વસુલ કરવામાં આવશે.
(૭) જરૂર જણાયે પાવર સપ્લાય, પાણીની વ્યવસ્થા ઈજારદારે સ્વખર્ચે કરવાની રહેશે.
(૮) આપના ધ્વારા કોઈ કારણોસર કામ ન કરવામાં આવે તો આપના દ્વારા અત્રે જમા કરવામાં આવેલ રકમને જપ્ત કરવામાં આવશે તથા આપના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
(૯) સદર કામે ભાવ ભરનાર એજન્સીએ સ્થળ મુલાકાત સ્વખર્ચે કરી લેવાની રહેશે. જે બાબતે પાછળથી કોઈ પ્રકારની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.
(૧૦) **ઈન્ડોર સ્ટેડિયમ ખાતે સ્વખર્ચે સ્થળ મુલાકાત લઈ ભાવપત્રક કરવાનું રહેશે. ત્યારબાદ આ બાબતે કોઈપણ પ્રકારની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.**
(૧૧) ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના/ અનુભવના પ્રમાણપત્રો (**Form 3A/Work Completion Certificate/Work Order**) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
(૧૨) ઈજારદારે **પાન કાર્ડ** રજુ કરવાનું રહેશે.
(૧૩) કોઈપણ તથા બધા જ ભાવપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

-sd-
કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
સુરત મહાનગરપાલિકા